# વાત ગાંધીનગરની

મધ્યમથી ભારે વરસાદની આગાહીઓ વચ્ચે ઉકળાટ સાથે ગુરૂવાર સંપન્ન થયો. રાજકીય મોરચે નિરાંત વર્તાતી હતી ત્યારે શૈક્ષણિક મોરચે ધમધમાટ હતો. સંચાલકોનો આક્રોશ હતો, શિક્ષકોનો બળાપો હતો તો વાલીઓમાં ગણગણાટ હતો. પરંતુ શિક્ષણનું શુ થશે એ વિષયમાં હજુ કોઈ સ્પષ્ટ નથી.

**બોલો, ભાજપ આખે-આખુ થાક્યું છે...**

ગાંધીનગર મહાનગર પાલિકા ભાજપના કકળાટથી ભાજપ આખુ થાક્યું છે. પ્રદેશ ભાજપના એક પદાધિકારીએ ઔપચારિક વાતમાં એવુ કહેતા કહી દીધુ કે આના કરતાં મનપાનુ બોર્ડ વિખેરી બરખાસ્ત કરવાનુ પાર્ટીને પોષાશે પરંતુ આમાં થિંગડા મારવાનુ નહી પોષાય. કારણ કે અહીં તો એક સાંધીએ છીએ ત્યાં તેર તુટે છે. જો ભાજપે ફરીથી મનપાની ચૂંટણી જીતવી હોય તો કઠોર નિર્ણયો કરવા જ પડે એમ તેમણે ઉમેર્યુ હતુ. પણ નામ નહી છાપવાની શરતે...

**મંત્રીપદની ચોકલેટનુ વિતરણ ચાલુ છે**

આપણા ગ્રામિણ લહેકામાં ચોટદાર કહેવત 'ભેંસ ભાગોળે અને ઘેર ધમાધમ...' જેવો ઘાટ આજકાલ ગાંધીનગરમાં ઘડાયો છે. મંત્રીમંડળનુ વિસ્તરણ થશે, નહી થાય, ક્યારે થશે, કોને લેવાશે, કોને પડતાં મુકાશે વગેરે વગેરે પડીકાં વહેંચાઈ રહ્યાં છે. ત્યારે કહેવાતા રાજકીય અધિષ્ઠાતાઓ મંત્રીપદની ચોકલેટો વહેંચે છે. તમે પટેલ છો એટલે લેવાશો, તમે ઠાકોર છો એટલે લેવાશો... આ જિલ્લામાં છો એટલે લેવાશો... આવી અનેક પ્રકારની ચોકલેટો છૂટથી અપાય છે. પણ સૌને ખબર છે નિર્ણય ક્યાં લેવાય છે અને નિર્ણય કેવી રીતે લેવાય છે. એટલે આ બધી જ ચોકલેટો વ્યર્થ છે એ આપનારેય જાણે છે અને લેનારેય જાણે છે. અને છતાં આ બધુ ચાલ્યાં કરે છે.

**પાટીલ સુપર એક્શન મોડમાં**

ભાજપના નવ નિયુક્ત પ્રમુખ સી.આર. પાટીલ આજકાલ સુપર એક્શન મોડ પર હોય એમ ગાંધીનગર, અમદાવાદ, દિલ્હી, સુરતમાં ભાજપના અધિષ્ઠાતાઓની મુલાકાત લઈ રહ્યા છે. ગુજરાત ભાજપને ઝડપથી ધમધમતુ કરવાની હોંશ દેખાય છે અને સંગઠનના માળખાના માધ્યમથી સરકાર અને સમાજ પર પાર્ટીનો પ્રભાવ ઉભો કરવાનું લક્ષ્ય છે. ગુરૂવારે દિલ્હીમાં પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીની મુલાકાત લઈ સંગઠનના માળખા અને સરકારમાં ફેરફાર અંગે હોમવર્ક મેળવી લીધુ છે. એકાદ અઠવાડિયામાં ધડાકાને ભડાકા સાંભળવા મળશે. પણ દિલ્હીવાળા સાહેબોએ ચિવટતાથી અને હિંમતથી નિર્ણય લેવા છૂટ આપી છે. એટલે પાટીલ ભાજપની ગાડીને સડસડાટ દોડાવશે એમાં બેમત નથી.

**આજે કેશુબાપાને ૯૩મું બેસશે...**

પૂર્વ મુખ્યમંત્રી અને સોમનાથ ટ્રસ્ટના ચેરમેન કેશુબાપાને આજે ૯૨ વર્ષ પૂરા થશે અને ૯૩માં પ્રવેશ કરશે. બાપા છેલ્લા કેટલાય વખતથી આરામ કરે છે. અને એટલે જ કોરોનાના કપરા સમયમાં શુભેચ્છકોને શુભેચ્છા આપવા ઘરે નહિ આવવા અપીલ કરી છે. ફોન પર શુભેચ્છા પાઠવવા વિનંતી કરાઈ છે. બાપા સોમનાથ ટ્રસ્ટ સિવાયની મોટાભાગની પ્રવૃત્તિઓથી અલિપ્ત રહે છે. ભાજપના વરિષ્ઠ હોવાને પગલે સૌને શીખ અને આશીર્વાદ આપે છે.

● **'અર્ક' આજનો...**

આપણુ લક્ષ્ય હંમેશા સાચુ હોવુ જોઈએ. કામ તો ઉધઈ પણ રાત-દિવસ કરે છે, પરંતુ તે વિકાસ નથી - વિનાશ કરે છે.

# મનપાની નવીન વોર્ડ રચના અંગે પ્રાથમિક કવાયત આરંભાઈ

**સરકાર તમામ મનપાઓની એક સાથે ચૂંટણી યોજવાના મૂડમાં : શહેરમાં નવી વોર્ડ રચના ૨૦૧૧ની વસ્તી ગણતરીના પરિણામોને ધ્યાને રાખી કરાશે**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગર પાલિકાની હદમાં વધારો કરાયા પછી નવી વોર્ડ રચનાના સીમાંકનને લઈ મનપાના તંત્ર દ્વારા પ્રાથમિક કવાયતો હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ ૫ મી ઓગષ્ટ સુધીમાં આ અંગેની દરખાસ્તો રાજ્ય ચૂંટણી પંચને મોકલી આપવાની હોવાથી કલેક્ટર કચેરી દ્વારા આ અંગેની પ્રાથમિક કવાયતો કરી તાત્કાલિક મોકલવા માટે જણાવાયુ છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડાઓને ધ્યાને રાખી આ અંગેની આખી કવાયત થશે તેમજ વોર્ડ રચનામાં ઝીબ્રાનો પણ વ્યાસ રાખવામાં આવશે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે સરકારે તમામ મહાનગર પાલિકાઓને નવા સીમાંકન માટેની તૈયારીઓ શરૂ કરવાની સૂચના આપી છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની મુદત આમ તો એપ્રિલ-મે-૨૦૨૧માં પૂર્ણ થાય છે પરંતુ આ વખતે કદાચ તમામ મનપાની એક સાથે ચૂંટણી યોજવાની દિશામાં સરકાર દ્વારા વિચારણા હાથ ધરવામાં આવી હોય તેમ લાગી રહ્યું છે. સચિવાલયના સૂત્રોના જણાવ્યાનુસાર ૨૦૧૧ની

● અનુસંધાન પાન-૭ પર

## નવા ભેળવાયેલા વિસ્તારની વિગતો મેળવવાનો મનપા દ્વારા આરંભ કર્યો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૧૮ ગામો અને ૧ નગરપાલિકાનો વિધિવત્ ચાર્જ સંભાળવાની દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ મનપાના અધિકારીઓ દ્વારા ગ્રામ પંચાયતોની મિલ્કતો, ડેડ સ્ટોક રજીસ્ટર, કર્મચારીઓ, તેમજ હાલની આવક, ગામની મિલ્કતો, વસ્તી, વર્તમાન ચાલુ કામો અને તેની જવાબદારી, પાણીની સ્થિતિ સહિતની વિવિધ બાબતો અંગેની વિગતો એકત્ર કરી રહ્યા છે. આ થયા પછી બે કે ત્રણ દિવસમાં તેની ખરાઈ કરી અને વિધિવત્ ચાર્જ સંભાળવામાં આવશે.

શહેરમાં ભેળવવામાં આવેલ ૧૮ ગામ પૈકી ૧૦ જેટલા ગામોમાં આ કામગીરી સંપન્ન થઈ હોવાનું મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મનપા દ્વારા સેવાઓ ચાલુ કરવાનું પણ આયોજન બીજી બાજુ હાથ ધરવામાં આવી રહ્યું છે. આ માટે પણ એકાદ સપ્તાહનો સમય લાગશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

મનપાના અધિકારીઓ હજુ તો ગ્રામ્ય વિસ્તારની ભૂગોળ સમજી રહ્યા છે. આ ઉપરાંત વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા, પાણી ઉપરાંત અન્ય વેરાઓની વસુલાત કેટલી છે તેની પણ જાણકારી એકત્ર કરવામાં આવી રહી છે.

મનપાના અધિકારીઓ વિધિવત્ ચાર્જ સંભાળવાની બહુ ઉતાવળમાં નથી કારણ કે સેવાઓનું વિસ્તૃતીકરણ કરવાનુ હોવાથી આખી વ્યુહરચના તૈયાર કરી અને તેનો રોડમેપ જે તૈયાર થશે તે પ્રમાણે આગળ વધવામાં આવશે. આ ગામોના પ્રશ્નોને પણ સમજવા પડશે.

તંત્ર પાસે હાલ સ્ટાફની પણ અછત છે અને અનુભવ પણ ઓછો છે. તંત્ર માટે હાલ તો રાત નાની અને વેશ ઝાઝા જેવી સ્થિતિ છે. શહેરની વર્તમાન હદમાં જ તેની સેવાઓ પુરી પહોંચી નથી અને સરકારે સફાઈ સિવાયની અન્ય કોઈ સેવાઓ સોંપી નથી એટલે તંત્ર પણ મુશ્કેલી અનુભવી રહ્યુ છે.

## મનપામાં ભેળવાયેલ વિસ્તારની ૧૦ તલાટીઓને કામગીરી સોંપાઈ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગરપાલિકામાં ભેળવવામાં આવેલ નવા વિસ્તારોમાં તલાટી કમ મંત્રીઓ દ્વારા કરવામાં આવતી કામગીરી જેવી કે આવક-જાતિના દાખલા, જમીન મહેસુલનું મેળવણુ સહિતની તમામ કામગીરી માટે ગામવાર તલાટીઓને જવાબદારી સોંપવાના હુકમો મામલતદાર કચેરી દ્વારા કરવામાં આવ્યા છે.

૧૦ જેટલા તલાટીઓને કામગીરી સોંપવામાં આવી છે. જેમાં કપિલ દેસાઈને વાવોલ, કોલવડાની જયદીપ પટેલને લવારપુર, ધોળાકુવા, શાહપુર (આમુખ-૧ની વિગતેનો વિસ્તાર) ધ્રુવા મકવાણાને ઝુંડાલ, અંબાપુર, પોર, નભોઈ, અમીયાપુર, ભાટ અને કોબા, જાગૃતિબેન વ્યાસને કુડાસણ, તારાપુર (આમુખ-૧ની વિગતેનો વિસ્તાર) હેતલ પટેલનો સરગાસણ, શ્વેતા પટેલને રાંદેસણ, રાયસણ, સુઘડ, કોટેશ્વર ખોરજ, ભાવનાબેન પ્રજાપતિને રાંધેજા, મનીષાબેન ચાવડાને વાસણા હડમતિયા, ઉવારસદ (આમુખ-૧ની વિગતેનો વિસ્તાર) ધર્મેન્દ્રસિંહ ગોહિલ અને રશ્મિતાબેન ચૌધરીને પેથાપુર નગરપાલિકા વિસ્તારની જવાબદારી સોંપવામાં આવી છે.

કલેક્ટર દ્વારા થયેલા હુકમ મુજબ ૩ મહિના સુધી મનપામાં લોન સર્વિસ તરીકે આ તલાટીઓ ફરજ બજાવશે. આ સમયમાં મનપાએ સંપૂર્ણ જવાબદારી સ્વીકારી લેવાની રહેશે.

તલાટીઓને એક કરતાં વધુ સેજાના ચાર્જ સોંપવામાં આવ્યા હોવાથી લોકોની મુશ્કેલીમાં વૃદ્ધિ થશે તેવુ ગ્રામજનો દ્વારા ચર્ચાઈ રહ્યુ છે.

ગાંધીનગર શહેરની હદ વધારવાના નિર્ણય પછી ગ્રામીણ વિસ્તારમાં ગ્રામજનો દ્વારા જે ખાટલા પરિષદો શરૂ થઈ છે તેમાં મનપાની ક્ષમતા કરતાં વધુ હદ વધારો કરવામાં આવ્યો છે. મનપાની આર્થિક ક્ષમતા પણ નથી એટલુ જ નહિ કર્મચારીઓ અનુભવી પણ નથી એટલે નવા ભેળવાયેલા વિસ્તારમાં વિકાસ તો અટકશે જ પણ નવા પ્રશ્નો ઉભા થશે.



વિરામની પળો... - ધોમધખતા તાપમાં વૃક્ષની શીતળ છાયા વિરામ માટે આદર્શ સ્થાન બની રહે છે... શ્રમજીવી પરિવાર માટે તો વૃક્ષનો છાંયડો જીવનનો છાંયડો બની જાય છે...

## ગુડા ૧૮૦ કરોડના ખર્ચે નવા ૨૧૦૦ એલ.આઈ.જી. આવાસો બનાવશે

**પેથાપુર, વાવોલ, સરગાસણમાં આવાસ નિર્માણ મામલે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે**

ગાંધીનગર તા ૨૩

ગુડા દ્વારા રાયસણ, ચિલોડા અને અડાલજ બાદ હવે પેથાપુર, વાવોલ અને સરગાસણમાં નવા એલ આઈ જી આવાસ બનાવાશે. આર્થિક રીતે નબળા પરિવારજનો માટે આ આવાસોનુ નિર્માણ કરવા માટે જગ્યા પણ આખરી કરી દેવામાં આવી છે. જયારે ટુંકમાં જ આવાસોના નિર્માણ માટે ટેન્ડર પ્રક્રીયા પણ આખરી કરી દેવાશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા અત્યાર સુધીમાં રાયસણ ,અડાલજ અને ચિલોડામાં આર્થિક રીતે નબળા વર્ગના પરિવારજનો માટે આવાસોનુ નિર્માણ કરાયુ છે. જયારે આ ૧૧૦૦ થી વધુ આવાસોમાં હાલ વસવાટ છે. ત્યારે ગુડાએ આમ નાગરિકોની જરૂરિયાતને ધ્યાને લઈ ગુડાએ વિસ્તારમાં હજુ પણ નવા આવાસો બાંધવા માટે આયોજન કર્યુ છે. ગુડા દ્વારા વાવોલ , સરગાસણ અને પેથાપુરમાં નવા ૨૧૦૦ જેટલા આવાસો બાંધવા માટે આયોજન કરાયુ છે. ગુડાએ અત્યાર સુધી રાયસણ , અડાલજ અને ચિલોડામાં એલ આઈ જી આવાસોનુ નિર્માણ કરાયા બાદ કુડાસણમાં પણ ગુડાએ એમ આઈ જી આવાસો તૈયાર કરીને

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વધુ ૧૦ કેસ

**લેબર કોન્ટ્રાક્ટર, કોમ્પ્યુટર ઓપરેટર અને વૃદ્ધ દંપત્તિ, તલાટી કોરોનાની ઝપટમાં : સેક્ટર-૨૯, સેક્ટર-૪, સેક્ટર-૧૩,સેક્ટર-૨૭, સેક્ટર-૨, સેક્ટર-૬, સેક્ટર-૩, સેક્ટર-૧૪ અને ૩-ન્યુમાંથી કેસો મળ્યા**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૦ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા વધીને ૪૦૨ પર પહોંચી છે. ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૪૦૦ ને પાર થતાં જ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

આજે નોંધાયેલા કેસોમાં પણ ૪ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. મનપાના કર્મચારીઓ પણ સંક્રમિત થઈ રહ્યાની વાતથી તંત્રમાં ચિંતાની લાગણી વધુ ઘેરી બની છે. નવા સેક્ટરો ૨, ૩, ૪, ૬ કોરોના માટે વધુ સંવેદનશીલ વિસ્તાર તરીકે ઉભરી રહ્યા છે.

આજે સે. ૨૯, સે. ૪, સે. ૧૩, સે. ૨૭, સે. ૨, સે. ૬, સે. ૩, સે. ૧૪ અને સે. ૩-એ-ન્યુમાંથી કેસો મળી આવ્યા છે. આજે એક જ દર્દીએ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. પાંચ દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તો ૪ દર્દીઓને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૯ માં રહેતા અને લેબર કોન્ટ્રાક્ટર તરીકેની કામગીરી કરતા એક ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ આજે પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના ૭ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સેક્ટર-૪ માં રહેતી અને મનપામાં આધાર કાર્ડ વિભાગમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજો બજાવતી ૩૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ મહિલાના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ચાંગોદર ખાતેની એક ખાનગી કંપનીમાં નોકરી કરતા અને સે. ૧૩ માં રહેતા એક ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. તેના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૨૭ માંથી એક વૃદ્ધ દંપત્તિ કોરોનાની ઝપટમાં આવ્યુ છે. ૭૯ વર્ષીય પુરૂષ અને ૭૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામીણવિસ્તારમાં વધુ ૨૯ કેસ

**ગાંધીનગર તાલુકામાં ૧૩, માણસામાં ૭, કલોલમાં ૬ અને દહેગામમાં ૩ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨૯ કેસ કોરોનાના મળી આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં રોકેટ ગતિએ કેસોની સંખ્યામાં આવેલા ઉછાળાને જોતાં તે ૯૦૦ની નજીક પહોંચવા આવેલ છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા વધતાં તંત્ર પણ ચિંતીત બન્યુ છે. સઘન સર્વેલન્સ ઉપરાંત ટેસ્ટીંગમાં વધારો કરવાની વ્યુહરચના પર હાલ તંત્રએ કામગીરીને સઘન કરવાનો નિર્ણય કર્યો છે. ગ્રામીણ વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓનો રિકવરી રેટ સારો છે જો કે ડેથરેટ જે વધી રહ્યો છે તેને લઈ તંત્ર વધુ ચિંતીત છે. આ ઉપરાંત ગ્રામીણ વિસ્તારમાંથી મહિલાઓના કેસની સંખ્યામાં પણ થઈ રહેલી વૃદ્ધિથી તંત્રની ચિંતા વધી છે.

આજે નોંધાયેલા કેસોમાં યુવા, આધેડ અને વૃદ્ધોની સંખ્યા જોવા મળી રહી છે. ૯૨ વર્ષીય વૃદ્ધ પણ કોરોનાની ઝપટમાં આવ્યા છે. ગાંધીનગર-કલોલ ઉપરાંત માણસા અર્બનમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા ઘેરી બની છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરમાં ૧૩, દહેગામમાં ૩, કલોલમાં ૬, માણસામાં ૭ કેસ આજે નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના સાદરામાંથી એક ૪૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જે સાદરામાં આવેલ વિદ્યાપીઠ સાથે સંકળાયેલ હોવાનું જાણવા મળેલ છે.

મહુન્દ્રામાંથી એક ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દી ગાંધીનગર સ્થિત ઔદ્યોગિક વસાહતમાં નોકરી કરતા હોવાનું જાણવા મળેલ છે.

મોટા ચિલોડામાંથી આજે વધુ બે દર્દી મળી આવ્યા છે. એક ૬૦ વર્ષીય મહિલા અને ૮૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીઓના પરિવારમાં અગાઉ બે વ્યક્તીઓ સંક્રમિત થઈ હોવાનું જાણવા મળેલ છે.

અંબાપુરમાંથી પણ આજે વધુ બે કેસ મળ્યા છે. જેમાં એક ૬૦ વર્ષીય મહિલા અને ૬૫ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે. આ દર્દીઓની બહાર જવાની કોઈ વિગતો નથી પણ તેઓ કેવી રીતે સંક્રમિત થયા તેને લઈ તંત્ર વિગતો મેળવી રહેલ છે.

રાજભવનામાં એ.એસ.આઈ. તરીકે ફરજો બજાવતા અને પેથાપુર રહેતા ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. શેરથા-કસ્તુરીનગર ખાતેથી એક ૯૨ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે.

સરગાસણમાંથી આજે બે કેસ મળ્યા છે. જેમાં એક ૫૪ વર્ષીય પુરૂષ અને ૩૭ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે. પોરમાંથી પણ ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ખાતે કરિયાણાની દુકાન ચલાવતા એક વેપારીની પત્નીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

દહેગામ અર્બન વિસ્તારમાંથી આજે બે મહિલા અને એક પુરૂષ દર્દીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે પુરૂષ દર્દીને સારવાર માટે અમદાવાદ સિવિલમાં અને બે મહિલા દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવેલ છે.

કલોલમાં આજે અર્બન વિસ્તારમાંથી ૩ અને કલોલના ગ્રામ્ય વિસ્તારો રામનગર, અર્જુનપુરા અને ધમાસણામાંથી એક-એક કેસ મળી આવેલ છે.

માણસા શહેરમાં કોરોનાના સંક્રમણના કેસો વધતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. માણસા શહેરમાંથી આજે એકી સાથે ૬ કેસ પોઝીટીવ આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.

માણસા શહેરમાંથી એક ૬૯ વર્ષીય મહિલા ઉપરાંત પાંચ પુરૂષ દર્દીઓ નોંધાયા છે. જેમાં ત્રણ વૃદ્ધોનો સમાવેશ થાય છે. મળતી વિગતો પ્રમાણે ૫૩ વર્ષીય પુરૂષ, ૩૮ વર્ષીય પુરૂષ, ૭૬ વર્ષીય પુરૂષ, ૭૨ વર્ષીય પુરૂષ અને ૮૪ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે.

માણસા શહેર ઉપરાંત માણસાના બિલોદરા ગામેથી પણ એક ૨૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## કચ્છમાં વહેલી સવારે ૩.૭ની તીવ્રતાના ભુકંપનો આંચકો

**કેન્દ્રિય બિન્દુ ભચાઉ, કચ્છથી ૨૩ કિમી દૂર**

ગાંધીનગર,તા.૨૩

કચ્છમાં આજે વહેલી સવારે ૬.૪૭ મિનિટે ૩.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જેનું કેન્દ્રિય બિન્દુ ભચાઉ, કચ્છથી ૨૩ કિમી દૂર છે. આ કારણે સૂતા લોકો પણ જાગીને ઘરની બહાર દોડી આવ્યાં હતા. મહત્વનું છે કે, ભૂસ્તરશાસ્ત્રીઓએ સંશોધન બાદ એક ચોંકાવનારી વાત કરી છે. ભૂસ્તરશાસ્ત્રીઓ પ્રમાણે, કચ્છમાં એક મોટો ભૂકંપ ગમેત્યારે આવી શકે છે. ભૂસ્તરશાસ્ત્રીઓએ કચ્છ મેઈન ફોલ્ટ લાઈન પર કરેલા અભ્યાસ બાદ આ તારણ બહાર આવ્યું છે. આ ફોલ્ટ લાઈન પર છેલ્લા એક હજાર વર્ષથી કોઈ મોટો ભૂકંપ આવ્યો ન હોવાથી જમીની ઊર્જા વધી રહી છે. જે ગમે ત્યારે બહાર આવતા મોટો ભૂકંપ આવી શકે છે. જેમાં કચ્છના અંજાર અને ગાંધીધામની સાથે અમદાવાદમાં પણ ભયંકર નૂકસાન થવાનો અંદાજો છે.

નોંધનીય છે કે, કચ્છ યુનિવર્સિટીના સંશોધકો અને ગાંધીનગરમાં આવેલી ઈન્સ્ટિટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ દ્વારા કચ્છ મેઈનલેન્ડ ફોલ્ટ લાઈન પર સંશોધન કરવામાં આવ્યું હતું. આ ફોલ્ટ લાઈન જમીનના પેટાળમાં લખપતથી લઈને ભચાઉ સુધી ૧૫૦ કિમી જેટલી લાંબી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com